ભાયલી વિસ્તારમાં બેફામ ડમ્પર ચાલકે વેગનર કારને ટક્કર મારી

અકસ્માત થતાંની સાથે જ વિરોધ કરતાં ૧૨ થી ૧૩ શખ્સોનું ટોળું ધસી આવ્યું

સિગ્નલ કે સાઈડલાઈટ આપ્યા વગર અચાનક બ્રેક મારતા સર્જાયો અકસ્માત




(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરના તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ભાયલી વિસ્તારમાં બેફામ અને બેદરકાર રીતે દોડતા ડમ્પર ચાલકોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. તાજેતરમાં ભાયલી રોડ પરથી અશોક અગ્રવાલ નામના નાગરિક પોતાની વેગનર કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આગળ જઈ રહેલા ડમ્પરના ચાલકે કોઈપણ પ્રકારની સાઈડલાઈટ કે સિગ્નલ આપ્યા વિના અચાનક રસ્તાની વચ્ચોવચ જોરદાર બ્રેક મારી દીધી હતી. પૂર્વસૂચના વગર અચાનક બ્રેક વાગવાને કારણે પાછળથી આવી રહેલી અશોક અગ્રવાલની કાર ડમ્પર સાથે ધડાકાભેર અથડાઈ ગઈ હતી. આ ગંભીર અકસ્માત સર્જીને જવાબદાર ડમ્પર ચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

અકસ્માત બાદ ભોગ બનનાર કારચાલકે થોડે આગળ જઈને ડમ્પરને રોકવાની કોશિશ કરી હતી. પરંતુ મામલો ત્યારે વધુ તંગ બન્યો જ્યારે ડમ્પર ચાલકને બચાવવા માટે ડમ્પરનો માલિક તથા તેના સાથીદારો સ્કોર્પિયો અને બોલેરો પિકઅપ ગાડીઓમાં અંદાજે ૧૨ થી ૧૩ જેટલા શખ્સોનું ટોળું લઈને સ્થળ પર ઘસી આવ્યા હતા. આ તમામ તત્વોએ ભેગા મળીને કારચાલક અશોક અગ્રવાલ સાથે સરેઆમ દાદાગીરી અને ગેરવર્તન કર્યું હતું તેમજ તેમને ગંભીર પરિણામો ભોગવવાની ધમકીઓ આપી હતી. આ સમગ્ર ઘટના બાદ ભોગ બનનાર અશોક અગ્રવાલે તાત્કાલિક તાલુકા પોલીસ સ્ટેશન પહોંચીને ન્યાયની મા ગ કરી છે. તેમણે અકસ્માત સ ર્જનાર ડમ્પર ચાલક તેમજ ટોળાશાહી કરીને ધમકી આપનાર તમામ જવાબદાર ઈસમો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ સમક્ષ લેખિત રજૂઆત કરી છે. ભાયલી વિસ્તારમાં અગાઉ પણ ભારે વાહનોની બેફામ ગતિ અને ચાલકોની દાદાગીરીના બનાવો સામે આવતા રહ્યા છે,

ડભોઈ બદ્રીનારાયણ મંદિર ખાતે દિપાવલી પર્વ નિમિત્તે અલૌકિક દર્શન



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

દભોવતી ડભોઇ ના સુપ્રસિદ્ધ વડોદરી ભાગોળ પાસે આવેલ બદ્રીનારાયણ મંદિર ખાતે પૂ.શ્રી. સુદર્શનચાર્યજી મહારાજ શ્રી ના સાંનિધ્ય માં તારીખ 5-11-26 તારીખ 9-11-26 સુધી દીપાવલી ઉત્સવ ની દીપ દાન અલૌકિક દર્શન, આરતી સાંજ ના 6-30 કલાકે,ઉપરાંત તારીખ 10-11-26 મંગળવાર ના નૂતન વર્ષ ના દિને બપોર 2-30 કલાકે ગોવર્ધન પૂજા,અને 4-15 થી 6-30 સુધી અન્નકૂટ મહોત્સવ અલૌકિક મનોરથ દર્શન યોજાનાર છે. તો શ્રદ્ધાળુ ઓ દર્શન નો લ્હાવો લેવા નિમંત્રણ વધુ માહિતી માટે કાર્યાલયમાં સંપર્ક કરવા જણાવાયુ છે.

સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ ઉજવણી

પ્રાદેશિક માહિતી કચેરી વડોદરાના અધિકારીઓ કર્મચારીઓએ લીધા પ્રામાણિકતા અને સતર્કતાના શપથ

ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સક્રિય સહયોગ આપવા માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

પ્રાદેશિક માહિતી કચેરી વડોદરા ખાતે અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ ઉજવણી અંતર્ગત દેશના આર્થિક, રાજકીય અને સામાજિક વિકાસમાં ભ્રષ્ટાચારમુક્ત વાતાવરણ નિર્માણ કરવા માટે શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત તમામ દ્વારા દેશ અને સમાજ પ્રત્યે પોતાની નિષ્ઠા વ્યક્ત કરતા ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સક્રિય સહયોગ આપવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે, ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે જનજાગૃતિ લાવવા રાજ્ય સરકાર દ્વારા ગત તા.૩૧-૧૦-૨૦૨૬ થી આગામી તા.૦૬-૧૧-૨૦૨૬ દરમિયાન વિજિલન્સ અવેરનેસ વીક સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. સતર્કતા જાગૃતિ સપ્તાહના આ વર્ષ માટેના વિષય-વસ્તુને ધ્યાને લઈ, તમામ વિભાગો, વિભાગો હેઠળ ખાતાના વડા અને તેમના તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તા મંડળો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

યુવતી અને તેની માતાને માર માર્યાનો આક્ષેપ, ભાઈને લાકડી ફટકારી મોપેડને નુકસાન પહોંચાડ્યું

વાઘોડિયા રોડ પર ફટાકડાના સ્ટોલ બહાર પાર્કિંગ મુદ્દે બે પરિવારો બાખડ્યા

સામા પક્ષે પણ મારામારી કરતા સામ સામે ફરિયાદ

એક પક્ષે વાળ ખેંચવા, માર મારી નાકે ઇજા પહોંચાડવા અને અલ્ટો કારનું બમ્પર તોડી નુકસાન કરવાનો આક્ષેપ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરાના વાઘોડિયા રોડ પર જૂના બાપોદ જકાતનાકા પાસે ફટાકડાના સ્ટોલ બહાર વાહન પાર્ક કરવા મુદ્દે બે પરિવારો વચ્ચે મારામારી થતાં પોલીસ ફરિયાદો નોંધાઈ છે. એક પક્ષે યુવતી અને તેની માતાને માર મારવા ઉપરાંત તેના ભાઈને લાકડી ફટકારી ઈલેક્ટ્રિક મોપેડ પાડી નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ કર્યો છે.

જ્યારે સામા પક્ષે પણ યુવતી સહિત ત્રણ સામે મારામારી, કારમાં તોડફોડ અને જાહેરનામાના ભંગની ફરિયાદ નોંધાવી છે. એક પક્ષે સામા પક્ષના વ્યક્તિએ પત્રકાર હોવાની ઓળખ આપી ધમકી આપી હતી. ગાયત્રી ટેનામેન્ટમાં રહેતી પંક્તિ પંડ્યા (ઉં.વ.૨૮)નો ભાઈ રાધેશ ફટાકડાનો સ્ટોલ ચલાવતો હોવાથી તે માતા અલ્પાબેન સાથે ત્યાં ગઈ હતી. દરમિયાન પાર્કિંગ મુદ્દે ચિરાગ ગોડિયા સાથે રાધેશની બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રેખાબેન અને પ્રતિક્ષા પણ ઝઘડામાં જોડાયાં હતાં. પંક્તિના આક્ષેપ મુજબ, ત્રણેયે તેને અને તેની માતાને માર માર્યો હતો.

ચિરાગે રાધેશને લાકડી ફટકારી ઈલેક્ટ્રિક મોપેડ પાડી નુકસાન પહોંચાડ્યું હતું. રાજેશ ગોડિયાએ પત્રકાર હોવાની ઓળખ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. બીજી તરફ રેખાબેન ગોડિયાએ પંક્તિ, રાધેશ અને અલ્પાબેન સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં વાળ ખેંચવા, માર મારી નાકે ઈજા પહોંચાડવા અને અલ્ટો કારનું બમ્પર તોડી નુકસાન કરવાનો આક્ષેપ કર્યો છે. કપુરાઈ પોલીસે બંને ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

શહેર-જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોનો નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો

131 નિવૃત્ત કર્મચારીઓને સ્થળ પર જ સેવાલાભો અને દસ્તાવેજો એનાયત કરાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તથા એસ.બી.આઈ. લાઈફના સંયુક્ત ઉપક્રમે વડોદરા શહેર અને જિલ્લામાંથી નિવૃત્ત થનાર કર્મચારીઓનો ભવ્ય નિવૃત્ત સન્માન સમારોહ બરોડા અલકાપુરી સ્કૂલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત ટેકનિકલ ભવનના નાયબ નિયામક શિલ્પાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલ, જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડે તેમજ એસ.બી.આઈ. લાઈફના પ્રાદેશિક નાયબ મેનેજર શશી શર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શહેર અને જિલ્લાની શૈક્ષણિક અને વહીવટી સેવાઓમાંથી નિવૃત્ત થયેલા કુલ 131 શિક્ષકો, આચાર્યો, વહીવટી ક્લાર્ક અને સેવકભાઈઓનું આ પ્રસંગે સન્માનપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. વહીવટી સરળતા અને પારદર્શિતાના ભાગરૂપે દરેક નિવૃત્ત કર્મચારીને ફોર્મ નંબર-22 અને લાસ્ટ પે સર્ટિફિકેટ સ્થળ પર જ એનાયત કરવામાં આવ્યા હતા. જેથી નિવૃત્તિ બાદ કર્મચારીઓએ કચેરીના ધક્કા ખાવા ન પડે. કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને આયોજન ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ એવોર્ડી આચાર્ય-2018 તેમજ એસ.બી.આઈ. લાઈફના ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર ડો. ઘનશ્યામભાઈ ચાવડા દ્વારા વિવિધ કચેરીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને સ્પોન્સર્સ સાથે ઉત્તમ સંકલન સાધીને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

જાગૃત શિક્ષકોથી પ્રબુદ્ધ પેઢીનું નિર્માણ'ના સંકલ્પ સાથે શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

બ્રહ્માકુમારી અટલાદરા ખાતે ૧૫૦ શિક્ષકોનું સન્માન અને દિવાળી સ્નેહમિલન યોજાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના અટલાદરા સેવાકેન્દ્ર અને એડુશાઈન સ્ટડી હબના સંયુક્ત ઉપક્રમે 'જાગૃત શિક્ષકોથી પ્રબુદ્ધ પેઢીનું નિર્માણ' વિષય સાથે શિક્ષકોનો સન્માન અને દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર આશરે ૧૫૦ શિક્ષકોનું મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. અટલાદરા સેવાકેન્દ્રનાં પ્રભારી બી.કે. ડૉ. અરુણા બહેને જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે જીવનમૂલ્યોનું જ્ઞાન ન મળવાને કારણે વિદ્યાર્થીઓ કારકિર્દીમાં પ્રગતિ કરવા છતાં પરસ્પર સંબંધો જાળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. દરેક વ્યક્તિ અન્ય પાસેથી ખુશીની અપેક્ષા રાખે છે, પરંતુ બીજાને ખુશી આપવાની કળા ભૂલતી જાય છે, જેના કારણે સંબંધોમાં તણાવ અને વિખવાદ વધી રહ્યા છે. રાજયોગ દ્વારા પરમાત્મા સાથે મનને જોડવાથી આંતરિક શક્તિ અને સંતોષમાં વધારો થાય છે અને વ્યક્તિ અન્યને ખુશી આપતાં શીખે છે. બી.કે. વિપિનભાઈએ જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર આજીવિકા મેળવવાનું સાધન ન બની રહે, પરંતુ વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા શીખવવાનું માધ્યમ બનવું જોઈએ. અભ્યાસની સાથે વૈચારિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો સમાવેશ થાય તે જરૂરી છે, એડુશાઈન સ્ટડી હબના તુષાર શુક્લાએ જણાવ્યું હતું કે, બ્રહ્માકુમારી સેવાકેન્દ્રની મુલાકાતથી શિક્ષણમાં આધ્યાત્મિક વિચારોના સમન્વયની નવી પ્રેરણા મળી છે, જે વિદ્યાર્થીઓમાં માનસિક સ્થિરતા અને હકારાત્મકતા વિકસાવવામાં ઉપયોગી બનશે.

મહિલાની જાણથી વાઘોડિયા પોલીસની કાર્યવાહી, બંને આરોપીઓ બિહારના

વાઘોડિયામાં સોનાના દાગીના ધોવાના બહાને ઠગતી ગેંગના બે શંકાસ્પદ આરોપી ઝડપાયા

ટાવર વિસ્તારમાં મહિલાની સોનાની બંગડી સાફ કરવાના બહાને સોનું કાઢી ઠગાઈ કરતા બે શખ્સો રંગેહાથ ઝડપાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

મહિલાઓને વિશ્વાસમાં લઈ સોનાના દાગીના ચમકાવી આપવાના બહાને સોનું સેરવી લેતી ગેંગનો વાઘોડિયા પોલીસે પર્દાફાશ કર્યો છે. ટાવર વિસ્તારમાં મહિલાની સોનાની બંગડી ધોવાના બહાને તેમાંથી સોનું કાઢી ઠગાઈ કરી રહેલા બિહારના શંકાસ્પદ બે શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

મહિલાની જાણના આધારે વાઘોડિયા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને દાગીના ધોવાના બહાને બંગડીમાંથી સોનું કાઢી રહેલા બંને શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં પકડાયેલા બંને આરોપીઓ બિહારના હોવાનું ખુલ્યું છે. બંને શખ્સો મહિલાઓને વિશ્વાસમાં લઈ તેમના સોનાના દાગીના સાફ કરી આપવાની લાલચ આપતા અને ત્યારબાદ દાગીનામાંથી સોનું કાઢી ઠગાઈ કરતા હોવાની આશંકા છે. અગાઉ પણ સોનાના અછોડામાંથી સોનું કાઢી લેવાની ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

ત્યારે વાઘોડિયા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તેમની અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ તેમજ આ પ્રકારની ઠગાઈમાં અન્ય કોઈ સાગરીતો સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ દિવાળીના તહેવારો ચાલી રહ્યા છે જેમાં આવી તસ્કરીને અંજામ આપતા લોકો અને તેમની સમગ્ર ગેંગ શહેર-જિલ્લામાં પોતાના કરતબો અજમાવવા ફરતી રહે છે જેનાથી નાગરિકોએ ખુબ જ સાવચેતી રાખવા અને સલામતીના ભાગરૂપે જરૂર જણાય ત્યાં સીધો પોલીસનો સંપર્ક કરવા પણ જિલ્લા પોલીસ પ્રસાશન તંત્ર દ્

વારા અપીલ કરવામાં આવી રહી છે જેથી આવા બનાવોનો ભોગ સામાન્ય નિર્દોષ માણસો ના બને..

પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલમાં ઈકો-ફ્રેન્ડલી દિવાળી મેળાનું આયોજન

દિગ્ગજ અભિનેતા સ્વ: નાના પાટેકરને રંગોળીથી શ્રદ્ધાંજલિ

ફૂડ સ્ટોલ, હેન્ડમેડ જ્વેલરી, ઇમિટેશન જ્વેલરી, ચાંદીના આભૂષણ, ગિફ્ટિંગ અને સ્ટેશનરી આઈટમ્સ વગેરે સ્ટોલ પર જોવા મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરની પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાનીરાજે ગાયકવાડ સ્કૂલ દ્વારા ઈકો-ફ્રેન્ડલી દિવાળીની અનોખી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરને શાળાના શિક્ષક દ્વારા રંગોળી કલાથી અનોખી શ્રદ્ધાંજલિ અપાશે.

શાળાના સંચાલક અને આચાર્ય ડો. તુષાર ભોંસલેના જણાવ્યા મુજબ, તા.3 નવેમ્બર મંગળવારના રોજ સવારે 11:00 કલાકે શાળા પરિસરમાં કાર્યક્રમ યોજાશે. જેમાં 1800 જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભાગ લેશે. વિદ્યાર્થીઓ દ્વારા 2000 માટીના દીવાનું રંગકામ કરી દીપદાન કરવામાં આવશે. દિવાળી નિમિત્તે લક્ષ્મીપૂજન, શુભેચ્છા પોસ્ટકાર્ડ બનાવી પોસ્ટમેન દ્વારા સગા-સંબંધીઓને મોકલવા અને કમ્પ્યુટરમાં ઈકો-ફ્રેન્ડલી સોફ્ટવેરથી ફટાકડા ફોડી સબરસના મહત્વ અંગે જાગૃતિ અપાશે. આ ઉપરાંત ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરને શાળાના શિક્ષક દ્વારા રંગોળી કલાથી અનોખી શ્રદ્ધાંજલિ અપાશે. વિદ્યાર્થીઓ દ્વારા ઘરે બનાવેલી મીઠાઈઓ અને ફૂડ પેકેટ્સનું જરૂરિયાતમંદ લોકો અને ટ્રાફિક પોલીસમાં વિતરણ કરાશે. શાળામાં આજથી 4 નવેમ્બર સુધી દિવાળી મેળાનું પણ આયોજન કરાયું છે, જેમાં સ્વાદિષ્ટ વાનગીઓના ફૂડ સ્ટોલ, હેન્ડમેડ જ્વેલરી, ઈમિટેશન જ્વેલરી, ચાંદીના આભૂષણ, ગિફ્ટિંગ અને સ્ટેશનરી આઈટમ્સ, મહેંદી આર્ટિસ્ટ, આઇસક્રીમ સ્ટોલ સહિત દિવાળી કાર્નિવલ જેવો માહોલ જોવા મળશે.

ફોટા વાયરલ કરવાની ધમકી આપી પરિણીતા પર દુષ્કર્મ આચાર્યું હતું

દુષ્કર્મના ગુનામાં સંડોવાયેલા પાદરાના ઓમકાર ગાંધીના આગોતરા નામંજૂર

હોટલના રજિસ્ટરમાં એન્ટ્રી હોવાની સરકારી વકીલ અનિલ દેસાઈની કોર્ટમાં રજૂઆત



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

પાદરા ટાઉનના ઓમકાર ઉર્ફે ઓમ તેજશકુમાર ગાંધી સામે પરિણીતા સાથે દુષ્કર્મ આચરવાના આરોપસર નોંધાયેલી ફરિયાદમાં કોર્ટે આગોતરા જામીન આપવાનો ઈનકાર કર્યો છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ 64 હેઠળ નોંધાયેલા ગુનામાં ધરપકડથી બચવા આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 482 હેઠળ આગોતરા જામીન અરજી કરી હતી, જેને કોર્ટે નામંજૂર કરી છે.

આરોપીએ પરિણીતા સાથે મિત્રતા કેળવી તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. ફોટા ડિલીટ કરવાના બહાને તેને અલગ-અલગ સમયે હોટલમાં બોલાવી તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ છે. પાદરાના જાસપુર રોડ પર આવેલી હોટલ રોયલ સિટીના રૂમ નંબર 519માં પણ દુષ્કર્મ આચર્યું હતું. આરોપી તરફથી એડવોકેટ આર.ડી. પટેલે દલીલ કરી હતી કે, બનાવ ડિસેમ્બર 2024નો છે, જ્યારે ફરિયાદ ઓક્ટોબર 2026માં નોંધાઈ છે. આમ, ફરિયાદ કરવામાં એક વર્ષ અને નવ મહિનાનો વિલંબ થયો છે. બંને વચ્ચે અગાઉ પ્રેમસંબંધ હતો અને જૂના વિવાદના કારણે ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાની દલીલ સાથે આરોપીને આગોતરા જામીન આપવા માંગ કરી હતી.

જોકે, સરકાર તરફથી સરકારી વકીલ અનિલ દેસાઈએ આગોતરા જામીનનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આરોપી ફોટા વાયરલ કરવાની ધમકી આપી પરિણીતાને બ્લેકમેઈલ કરતો હતો અને સતત ફોન કરીને પ્રેમસંબંધ ચાલુ રાખવા દબાણ કરતો હતો. તપાસ દરમિયાન હોટલના રજિસ્ટરમાં પણ બંનેની એન્ટ્રીઓ મળી હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. ગંભીર આક્ષેપો અને તપાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કોર્ટે આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

માથામાં દુખાવાની તકલીફ થતા જંબુસરથી વડોદરાની સયાજી હોસ્પિટલ રીફર કરાયા

કાહનવા ગામે ગાયે લાત મારતા ૨૭ વર્ષીય યુવતીના માથામાં ઈજા

ઘર આંગણે કામ કરતી વેળાએ અચાનક ગાયે લાત મારતા દીપિકાબેન સોલંકી ઇજાગ્રસ્ત થયા

તબીબોની ટીમ દ્વારા સઘન સારવાર શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાહનવા ગામેથી એક દુર્ઘટના સામે આવી છે, જ્યાં ગાયની લાત વાગવાથી ૨૭ વર્ષીય યુવતી ઘાયલ થઈ હતી. માથાના ભાગે ઈજાઓ પહોંચતા તેને વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કાહનવા ગામના વણકરવાસ વિસ્તારમાં રહેતા દીપિકાબેન કિરણભાઈ સોલંકી, ઉંમર વર્ષ ૨૭ ગતરોજ પોતાના ઘર આંગણે અથવા પશુ સંભાળવાનાં રૂટિન કામમાં રોકાયેલા હતા. તે દરમિયાન અચાનક ઘરમાં કે વાડામાં બાંધેલી ગાયે ઉશ્કેરાઈને અથવા અકસ્માતે દીપિકાબેનને લાત મારી દીધી હતી. ઘટનાને પગલે પરિવારજનો અને આસપાસના ગ્રામજનો તાત્કાલિક દોડી આવ્યા હતા. માથામાં ઈજા અને દુખાવાની તકલીફ શરૂ થતા તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

વડોદરા શહેર-જિલ્લાના ૧૩૧ નિવૃત્ત શિક્ષકો, આચાર્યો અને કર્મચારીઓનું સન્માન

વડોદરા શહેર-જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોનો નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

શનિવારે જિલ્લા શિક્ષણાધિકારીઅને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા એસ.બી.આઈ. લાઈફના સંયુક્ત ઉપક્રમે વડોદરા શહેર અને જિલ્લામાંથી નિવૃત્ત થનાર કર્મચારીઓનો ભવ્ય 'નિવૃત્ત સન્માન કાર્યક્રમ' બરોડા અલકાપુરી સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ટેકનિકલ ભવનના નાયબ નિયામક શ્રીમતી શિલ્પાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલ, જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડે તેમજ એસ.બી.આઈ. લાઈફના પ્રાદેશિક નાયબ મેનેજર શશી શર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિવિધ કર્મચારી સંઘોના પદાધિકારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહી નિવૃત્ત કર્મીઓને શુભકામનાઓ પાઠવી હતી. શહેર અને જિલ્લાની શૈક્ષણિક અને વહીવટી સેવાઓમાંથી નિવૃત્ત થયેલા કુલ ૧૩૧ શિક્ષકો, આચાર્યો, વહીવટી ક્લાર્ક અને સેવકભાઈઓનું આ પ્રસંગે વિશેષ સન્માનપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. વહીવટી સરળતા અને પારદર્શિતાના ભાગરૂપે કચેરી દ્વારા દરેક નિવૃત્ત કર્મચારીને ફોર્મ નંબર-૨૨ અને લાસ્ટ પે સર્ટિફિકેટ સ્થળ પર જ એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીમહેશ પાંડેએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, નિવૃત્ત થતા તમામ કર્મચારીઓને તેમના સેવાનિવૃત્તિના આખરી દિવસે જ કચેરી દ્વારા તમામ પ્રકારના આર્થિક અને સેવાકીય લાભો પૂર્ણ કરી આપવામાં આવે છે, જેથી નિવૃત્તિ બાદ કર્મચારીઓએ કચેરીના ધક્કા ના ખાવા પડે.

આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નં. 501 અને 503, 5મા માળે, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી પશ્ચિમ (ઈસ્ટ), મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - 400072

દાહોદ શાખા: સી.એસ. નં. 58, એસ.એફ. 2, નીલકંઠ અપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ 389151, ગુજરાત

પરિશિષ્ટ IV કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેથી, નીચે સહી કરનાર આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે, 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ અને કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને તેમજ 'સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002'ના નિયમ 3 સાથે વાંચતા કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે જણાવેલ ઉધારકર્તા(ઓ) / જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવી દેવા માંગણી નોટિસ(ઓ) ઇશ્યૂ કરવામાં આવી હતી. ઉધારકર્તા રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આથી ઉધારકર્તા(ઓ) / જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદર એક્ટની કલમ 13ના સબ-સેક્શન (4) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને અને 'સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002'ના નિયમ 8 સાથે વાંચતા અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો મેળવી લીધો છે.

ઉધારકર્તાનું ધ્યાન સેક્યુર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. વિશેષરૂપે ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર AHFLની અહીં નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

ક્રમ	ઉધારકર્તા(ઓ) / સહ-ઉધારકર્તા(ઓ) ના નામ (શાખાનું નામ)	ગીરવે મૂકેલી મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)	માંગણી નોટિસ તારીખ અને રકમ	કબ્જાની તારીખ
1	(લોન કોડ નં. 38110000096/ દાહોદ શાખા) ડગલિયા વિજયભાઈ ચંદમલભાઈ (ઉધારકર્તા) સપના વિજય ડગલિયા (સહ-ઉધારકર્તા)	ગ્રાઉન્ડ ફ્લોર (GF) અને ફર્સ્ટ ફ્લોર (FF) પર આવેલી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, ઘર નં./ભાગ નં. 3, સાઈ મંદિર ફળિયું, સાઈ મંદિર પાસે, પ્લોટ નં. 11, 12, 13VI - લીમડી, તાલુકો - ઝાલોદ, જિલ્લો - દાહોદ, ગુજરાત 389180. ચતુર્સીમાઃ પૂર્વઃ રસ્તો પશ્ચિમઃ ભાગ નં. 4 જમીન ઉત્તરઃ ભાગ નં. 2 જમીન દક્ષિણઃ R.S. નં. 480/પૈકી 3/ ભાગ નં. 9 જમીન	10-07-2026 અને ₹ 14,67,679/-	01-11-2026

સ્થળઃ ગુજરાત
તારીખઃ 03-11-2026

અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ